૨૩૩૦-૫૦
ક્રમાંક/પમશ/મા-૧/વ/ફાજલ/૬૬-૬૭/
મુખ્ય શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨ ડૉ.જી.મ.ભવન,જુ.રાં.
ગાંધીનગર. તા.૨૦-૨-૯૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- ફાજલ કર્મચારીઓને સમાવવા બાબત..

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૨૧-૫-૯૪ ની ઠરાવની જોગવાઈ મુજબ શાળા બંધ થાય કે વર્ગઘટાડો થાય ત્યારે ફાજલનું રક્ષણ મળવાપાત્ર કર્મચારીને પોતાના જિલ્લામાં જગ્યા હોય તો પોતાના જિલ્લામાં સમાવવામાં આવે છે.અને પોતાના જિલ્લામાં જગ્યા ન હોય તો નજીકના જિલ્લામાં અને નજીકના જીલ્લામાં જગ્યા ન હોય તોરાજ્યના કોઈપણ જિલ્લામાં સમાવવામાં આવે છે. ફાજલ કર્મચારીને શાળાઓ દ્વારા હાજર કરવામાં આવતા નથી કે કર્મચારીઓ હાજર થતા નથી અને શાળા હાજર ન કરે તો આવા ફાજલ કર્મચારીઓના પગારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.તેવા ઘણા કિસ્સાઓ અમે ધ્યાને આવેલા છે. તેમજ સંચાલકો શિક્ષકો મારફતે ઘણી ફરીયાદો મળેલ છે. જેથી શિ.વિ.ના તા.૨૧-૫-૯૪ના ઠરાવની જોગવાઈઓ ધ્યાનેમાં રાખી નીચે મુજબની સુચના પ્રમાણે કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવે છે.

૧: સંસ્થા કાળવેલ કર્મચારીને હાજર ન કરે તેવા કિસ્સાઓમાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચુકવવો પડે તે બધો સંસ્થાને ચુકવવાપાત્ર નિભાવગ્રાંટમાંથી કાપી લેવાની રહેશે.જો શાળાને મદદનીશ શિક્ષક/કર્મચારીના પગાર જેટલી નિભાવ ગ્રાંટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની નોંધણી રદ કરવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

૨: તેમજ શાળાએ ખાતાના નિયમોની જોગવાઈનું માન્ય રીતે પાલન કરેલ ન હોઈ શાળા સંચાલક મંડળને તાકીદ કરી ગ્રા.ઈ.કે.કોડ નિયમ-૯૫ મુજબ આવા કિસ્સાઓનાં શાળાને જે તે વર્ષમાં મળનાર ઉતરખર્ચ, મકાનભાડાના અનુદાનમાં ૫% જેટલી કપાત કરવાની રહેશે.

૩: ફાજલ કર્મચારીને જે શાળામાં સમાવેલ હોય તે શાળામાં હાજર થવાનું રહેશે. જો હાજર ન થાય તો ફાજલનું રક્ષણ રદ કરી નોકરીમાંથી છુટા કરવા અને વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૩૩ મુજબ માતૃ સંસ્થાએ વળતર આપીને છુટા કરવાના રહેશે.

૪: જે તે જિલ્લાના ફાજલ કર્મચારીને જિલ્લાની કોઈપણ શાળામાં નિયમોનુસાર સમાવવા આદેશ કરેલ હોય અને સંસ્થા હાજર ન કરે તો આ કર્મચારી તેની માતૃસંસ્થામાં થી છુટા થયેલ હોય તેવા સંજોગોમાં તેવા કર્મચારીના પગાર ભથ્થા ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જેથી જો કોઈપણ સંસ્થા કર્મચારીને હાજર ન કરે તો તે કર્મચારીનું લેખીતમાં તે મતલબનું નિવેદન મેળવી લેવું અને સંસ્થા હાજર ન કરતી હોય તે સંસ્થાની કચેરીના નિરીક્ષક દ્વારા રુબરુ મુલાકાત એક અઠવાડીયામાં લઈને આ કર્મચારીને હાજર કરવા અંગેની કાર્યવાહી કરવી હતાં પણ જો સંસ્થા હાજર ન કરે તો સંસ્થા પાસેથી તે મતલબનું લખાણ લેવું જો સંસ્થા લખાણ ન આપે તો નિરીક્ષકશ્રીએ તે મતલબનો રીપોર્ટ જિ.શિ.અ.શ્રીને લેખીતમાં આપવાનો રહે અને સંસ્થા સામે ઉકત મુદ્દા નં.૧,૨ મુજબની કાર્યવાહી કરવી.

આ હાજર ન કરેલ ફાજલ કર્મચારીને બીજી સંસ્થામાં સમાવવામાં ન આવે ત્યાં સુધી જિ.શિ.અ.શ્રીએ અગાઉનો હુકમ રદ કરી આ કર્મચારીને માતૃ સંસ્થામાં ચાલુ રાખવાનો અને ત્યાંથી પગાર ભથ્થા ચુકવવાનો આદેશ કરવો.આમ ફાજલ થયેલ કર્મચારીનો જયાં સુધી અન્ય સંસ્થામાં ખરેખર સમાવેશ ન થાય ત્યાં સુધી માતૃ સંસ્થામાંથી પગાર ભથ્થાનો ખર્ચ પાડવો. જો કે આ પગાર ભથ્થા માતૃ સંસ્થાને મળવાપાત્ર ઇતરખર્ચ અને મકાનભાડાની ગ્રાન્ટ માટે ગણત્રીમાં લેવા નહી તેનું ખાસ ધ્યાન રાખવું.

(૫) જે ફાજલ કર્મચારીનો સમાવેશ તેમના જિલ્લામાં થઇ શકે તેમ ન હોય અને અન્ય જિલ્લામાં ફાળવેલ હોય ત્યારે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લાની શાળાઓમાં ખાલી જગ્યા પર ફાજલ કર્મચારીને સમાવવા. આ ફાજલ કર્મચારી જો ફાળવેલ જગ્યા પર હાજર ન થાય તો તે અંગે સંસ્થા પાસેથી લેખીત નિવેદન મેળવી જે જિલ્લાના ફાજલ શિક્ષક હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને લેખીતમાં રીપોર્ટ કરવો કે ફાજલ કર્મચારી ફાળવેલ જગ્યા પર હાજર થયેલ નથી. તો નિયમોનુસાર છુટા કરવા અંગેની કાર્યવાહી કરવી. અને મુદ્દા નં.૩ મુજબની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવી.

(૬) જો આવા ફાજલ કર્મચારીને સંસ્થા હાજર ન કરે તો તે અંગે કર્મચારીએ જિ.શિ.અ.શ્રીને લેખીતમાં નિવેદન કરવાનું રહેશે.અને તે સંજોગોમાં જિ.શિ.અ.કચેરીના નિરીક્ષકશ્રીએ સંસ્થાની રુબરુ મુલાકાત લઇ ફાજલ કર્મચારીને હાજર કરવા અંગેની કાર્યવાહી કરવી.તેમ છતાં પણ જો આ કર્મચારીને સંસ્થા હાજર ન કરે તો સંસ્થા પાસેથી લેખીતમાં નિવેદન મેળવવાનું રહેશે. જો સંસ્થા લેખીત નિવેદન ન આપે તો તે અંગેનો લેખીત રિપોર્ટ શિક્ષણ નિરીક્ષકશ્રી/મા.શિ.નિ.શ્રીએ જિ.શિ.અ.શ્રીને આપવાનો રહેશે. અને તે રીપોર્ટના આધારે સંસ્થા સામે મુદ્દા નં.૧,૨ મુજબની કાર્યવાહી કરવી.

આ હાજર ન કરેલ ફાજલ કર્મચારીને બીજી સંસ્થામાં સમાવવામાં ન આવે ત્યાં સુધી જિ.શિ.અ.શ્રી અગાઉનો હુકમ રદ કરી તેની જાણ જે તે જિલ્લાના જિ.શિ.અ.શ્રી અને તે કર્મચારીને માતૃ સંસ્થાને કરવાની રહેશે.અને આ ફાજલ કર્મચારીનો જયાં સુધી સમાવેશ ન થાય ત્યાં સુધી તેના મુળ જિલ્લાની માતૃ સંસ્થામાંથી પગાર ભથ્થાનો ખર્ચ પાડવાનો રહેશે. જો કે આ પગાર ભથ્થાનો ખર્ચ ઉપર માતૃ સંસ્થાને મળવાપાત્ર નિભાવ ગ્રાંટ અને મકાન ભાડાની ગ્રાન્ટ માટે ગણત્રીમાં લેવા નહી તેનું ખાસ ધ્યાન રાખવુ.

આ [illegible]: સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો.

સહી/(બી.કે.સિંહા)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નર.
ગુ.રા.ગાંધીનગર.

ક્રમાંક/ખ-૧/અમથ/પરીપત્ર/૯૬-૯૭/૧૯૮૪-૨૩૮૪

જિલ્લા શિક્ષણાધિકારીકચેરી,
બહુમાળીભવનો ઉતારો, રાજકોટ
તા. ૨૮ / ૨ / ૯૭.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિનસરકારી માધ્ય./ઉચ્ચ.માધ્ય.શાળાઓ.
રાજકોટજિલ્લો,
ઉપરોકત બાબતે જાણ તથા અમલાર્થે.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ [illegible]

નકલ:-
માધ્યમિક શાખા ખ-૨, ખ-૪, ખ-૬, આ કચેરી,.